MANOGAT • Year-40 • Issue-4 • 25 May 2021 • Vaishak Sud 14, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28






વૈશાખ સુદ પૂનમ - બુદ્ધ પૂર્ણિમા

# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ




## રૂ. ૧૦૦૦ કરોડની સહાય


## આપદાના બીજા જ દિવસે આપણા પ્રધાનમંત્રી આપણી સાથે


# શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકાર
# ૩૦ મે દ્વિતીય ચરણનું બીજું વર્ષ

- જનધન યોજના
- સ્વચ્છ ભારત અભિયાન
- આયુષ્માન ભારત
- નોટબંધી
- જીએસટી
- બેનામી સંપત્તિ એક્ટ
- મુદ્રા યોજના
- ઉજ્જ્વલા યોજના
- સૌભાગ્ય યોજના
- સર્જિકલ સ્ટ્રાઈક
- એયર સ્ટ્રાઈક
- આત્મનિર્ભર ભારત
- રામમંદિર નિર્માણ
- તીન તલાક બિલ
- કાશ્મીરમાંથી ૩૭૦ અને ૩૫A હટાવાઈ
- જલશક્તિ મંત્રાલય
- નાગરિક સંશોધન વિધેયક
- આતંકવાદ પર અંકુશ
- ગરીબ સવર્ણો માટે ૧૦% અનામત
- કિસાન સન્માન નિધિ
- કિસાન પેન્શન યોજના
- નાના વેપારી માટે પેન્શન યોજના
- એક દેશ એક રાશન કાર્ડ યોજના
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના
- વન રેન્ક વન પેન્શન યોજના
- જન ઔષધી કેન્દ્રો



- એક દેશ એક ટેક્સ (જીએસટી)
- એક લાખ કિ.મી. હાઈવે
- પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના
- પ્રધાનમંત્રી જીવન જ્યોત યોજના
  ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
- લાલબત્તી હટાવાઈ
- હજ સબસિડી બંધ
- બાંગ્લાદેશ સીમા વિવાદનો અંત
- નર્મદા ડેમ યોજના પૂર્ણ
- કાવેરી વિવાદ સમાપ્ત
- આત્યાર સુધીનું સૌથી વધારે ફોરેક્સ રિઝર્વ ફંડ
- એક લાખ કરોડનું કાળું નાણું પકડાયું
- કરદાતાની સંખ્યા ૩.૮૦ કરોડથી વધીને ૮.૫૦ કરોડ
- ૯૯ ટકા નાગરિકો પાસે આધારકાર્ડ





Year : 40, Issue : 4, Pages : 28

## તંત્રીસ્થાનેથી

# કેટલાક માનવતાવિરોધી, સત્તાદ્વેષી, નરેન્દ્ર મોદી અને દેશવિરોધી લોકોએ કોરોનાની આપત્તીને ઘોડો બનાવીને પોતાના સ્વાર્થો સાધવાના પ્રયાસો કર્યા જે દૂર્ભાગ્યપૂર્ણ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ઈશ્વરકૃપા અને સૌના સહિયારા પ્રયાસથી કોરોનાના કેસો દેશભરમાં અને આપણે ત્યાં પણ ઘટી રહ્યા છે. આપણા સૌ માટે આ વાત જેટલી આનંદની છે એટલી જ સાવચેતી રાખીને સમજણપૂર્વક જીવવાની બાબત પણ છે જ. અને ભાજપના કાર્યકર્તા પાસે સમાજની અપેક્ષા પણ વિશેષ હોય છે.

આ તબક્કે મારે જે વાત કહેવી છે તે એ છે કે, કોરોના મહામારી છે. વિશ્વનો કોઈ પણ દેશ તેનાથી બાકાત નથી. સમૃદ્ધ દેશોએ પણ આપણાથી વધારે નુકસાન સહન કર્યું છે. ત્યારે આપણે પણ ક્યાંક સાધનો ટાંચાં પડવાના કારણે કે ક્યાંક ત્રુટીઓ રહી જવાના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હશે જ. પણ મહત્ત્વનો વિચાર જે આ દેશે કરવાનો છે તે એ છે કે - આપદા સામે લડવાની આપણા સૌની પદ્ધતિ કેવી હોવી જોઈએ ? આપદા આટલી મોટી, વિકરાળ અને સમજી ના શકાય તેવી હોય ત્યારે સમગ્ર સમાજે એક થઈને લડવાનું હોય કે કામ કરતા તંત્રના જુસ્સાને તોડવાનો હોય ? અસરગ્રસ્તોને મદદ પહોંચાડવાની હોય કે નકારાત્મકતા ફેલાવીને વ્યવસ્થાને અરાજકતા તરફ લઈ જવાની હોય ? તમામ નાગરિકોને આપદા સામે લડવા તૈયાર કરવાના હોય કે ખોટી ખોટી આક્ષેપબાજી, આડા-અવળી વાતો, મનઘડંત બાબતો રજૂ કરીને તેને હતોત્સાહી બનાવી દેવાનો હોય ?

હું સ્પષ્ટપણે માનું છું કે - કેટલાક માનવતાવિરોધી, સત્તાદ્વેષી, નરેન્દ્ર મોદી અને દેશવિરોધી લોકોએ કોરોનાની આપત્તિને ઘોડો બનાવીને દેશનું ખોટું અને ખરાબ ચિત્ર ઉપસાવવાનો પ્રયાસ ન માત્ર આપણા દેશમાં કર્યો છે પણ વિદેશોમાં પણ કર્યો છે. પ્રચાર માધ્યમોના સ્થાનિક નાના સમાચારોને પણ મોટા અને ખોટી માહિતીથી રસપ્રચુર કરીને દેશ-વિદેશમાં પ્રસિદ્ધિ અપાવીને વિરોધીઓએ પોતાના ઇરાદા સફળ બનાવવાના પ્રયાસો પણ કર્યા છે.

ખરેખર તો આવા સમયે પ્રત્યેક સમજદાર અને દેશપ્રેમી માણસે વિચાર તો એટલો જ કરવો જોઈએ કે (૧) આ મહામારી છે (૨) વૈશ્વિક છે (૩) વસ્તીની સાપેક્ષમાં સાધનો ટાંચાં જ હોવાનાં (૪) સંસાધનોનો યોગ્ય ઉપયોગ, સેવાકર્મીઓને પ્રોત્સાહન અને સરકારને સહયોગ એ જ જનમાનસની જવાબદારી હોવી જોઈએ (૫) જેના કારણે નુકસાન ઓછું થાય અને સૌ હેમખેમ આ મહામારીમાંથી પસાર થઈ શકીએ.

પરંતુ નબળા લોકોએ નકારાત્મકતા ફેલાવીને સમાજજીવનને મોટા નુકસાન તરફ લઈ જવાની વૃત્તિ અને પ્રવૃત્તિ કરી છે જે બાબત આ દેશને મજબૂત રાષ્ટ્ર બનાવવામાં ચોક્કસ પણે અવરોધરૂપ છે.

સમાજજીવનના તમામ હિતચિંતકોની સાથે સાથે દેશના ન્યાયતંત્રએ અને ચોથી જાગીર એવા પ્રસાર માધ્યમોએ પણ આ બાબતે દેશની ઓળખ, અસ્મિતા અને આવનારા સમય માટે નક્કર, સામુહિક, સર્વગ્રાહી અને સમજદારી ભર્યો વિચાર કરવો અતિ આવશ્યક છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





# ગુજરાતમાં તાઉતે વાવાઝોડાની આફતથી થયેલા નુકસાનમાં તત્કાલ રૂ. ૧૦૦૦ કરોડની કેન્દ્ર સરકારની સહાય

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત પર આવેલા તાઉતે વાવાઝોડાની આપદાના બીજા જ દિવસે ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવીને થયેલી તારાજીનું હવાઈ નિરીક્ષણ કરીને ગુજરાત પ્રત્યેની પોતાની ચિંતા, લાગણી અને પ્રેમ દર્શાવ્યાં છે તે માટે સમગ્ર ગુજરાતની જનતાજનાર્દન વતી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાનશ્રીએ તાઉતે વાવાઝોડાથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ અમદાવાદ આવીને રાજ્યના વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરીય બેઠકમાં સમગ્ર પરિસ્થિતિની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી, સ્થિતિનું આકલન કર્યું. સાથોસાથ કોરોના-કોવિડ સંક્રમણ નિયંત્રણ માટેનાં રાજ્ય સરકારનાં પગલાંઓ અને ઉપાયોથી પણ અવગત થયા અને સંતોષ વ્યક્ત કર્યો તે માટે પણ તેમણે આભારની લાગણી દર્શાવી છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાત પર જ્યારે જ્યારે કોઈ વિપદા કે આફત આવી ત્યારે મદદ અને સહાય માટે હંમેશા ત્વરિત પ્રતિસાદ આપીને મદદરૂપ થયા છે.

તાઉતે વાવાઝોડાથી થયેલા નુકસાનમાં પણ તત્કાલ ૧૦૦૦ કરોડ રૂપિયાની સહાય અને વાવાઝોડાથી મૃત્યુ પામેલા લોકોને રૂ. ૨ લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય જાહેર કરીને તેમણે ગુજરાત પ્રત્યેની પોતાની હમદર્દી, લાગણી અને આપ્તજનભાવ દર્શાવ્યાં છે તેમ શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાત પર આવેલું આ વખતનું આ તાઉતે વાવાઝોડું વિશિષ્ટ પ્રકારનું હતું એટલું જ નહીં ભયાવહ અને વિનાશકારી પણ હતું.


સોમવારે ૧૭મી મેના રાત્રે ૮.૩૦ કલાકે જ્યારે ઉનાના દરિયાકાંઠેથી એ ગુજરાતમાં પ્રવેશ્યુ ત્યારે ૧૭૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાનો શરૂ થયો હતો. ત્યારબાદ સતત ૨૮ કલાક સુધી ગુજરાતના અલગ-અલગ વિસ્તારોને ધમરોળતું અને તીવ્ર પવન તથા વરસાદ સાથે આ વાવાઝોડું ઉના દરિયાકાંઠાથી લઈને ઉત્તર ગુજરાતના બનાસકાંઠાની સરહદ સુધીના સમગ્ર વિસ્તારને ચીરીને ગુજરાત પરથી પસાર થયું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ તીવ્ર વાવાઝોડા સામે ગુજરાતમાં નુકસાની અને જાનહાનિ બહુ મોટા પાયે થયાં નથી તે માટે ગુજરાત ઉપરની સોમનાથ દાદાની કૃપા, દ્વારકાધીશના આશિષ અને મા જગદંબાની અમીદૃષ્ટિને કારણે તેમજ રાજ્ય સરકારના આગોતરા આયોજન, અગમચેતી અને આયોજનબદ્ધ સમયસરનાં પગલાંઓને કારણે આપણે આ કુદરતી આફતમાંથી પાર ઊતર્યા છીએ તેમ પણ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત કદી ન ''ઝૂક્યું છે કે ન રોકાયું છે'' વિકાસના માર્ગે પૂર્વવત્ આગળ વધવાનો આપણો સંકલ્પ આગવી ખુમારી ધરાવે છે તેનું સ્મરણ કરતાં કહ્યું કે આ વખતે પણ વાવાઝોડું પસાર થયાના ગણતરીના કલાકોમાં જ વીજળી, પાણી, રોડ-રસ્તા વગેરેની પરિસ્થિતિ પૂર્વવત્ કરવા રાજ્ય સરકારનું તંત્ર સતત પરિશ્રમરત થયું છે અને સમગ્ર પરિસ્થિતિને થાળે પાડવાના આયોજનબદ્ધ પ્રયાસો શરૂ થયા છે.

તાઉતે વાવાઝોડાની આ

● યજ્ઞેશ દવે



## ચક્રવાત ગુજરાતમાંથી પસાર થયું એના બીજા જ દિવસે ગુજરાત આવીને અસરગ્રસ્તોની ચિંતા કરતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



ગુજરાત રાજ્ય ઉપર તાઉતે નામના ચક્રવાતે વિનાશ સર્જ્યો છે, પરંતુ રાજ્ય સરકારે સુચારુ અને સમયસર આયોજન કરી જાનમાલને નુકશાન ન થાય તે પ્રકારનાં પગલાંઓ લીધેલ હોવાથી ચક્રવાતનું વિકરાળ સ્વરૂપ હોવા છતાં પ્રમાણમાં ઓછું નુકસાન થવા પામેલ છે.

ગુજરાત રાજ્યના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ ચક્રવાતના કારણે રાજ્યમાં કેવું અને કેટલા પ્રમાણમાં નુકસાન થયું છે તેનો જાત સર્વે કરવા માટે ગુજરાત આવી પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વિનાશકારી ચક્રવાતથી થયેલ નુકસાનની સાથોસાથ કોરોના મહામારી અન્વયે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે તબક્કાવાર બેઠકો યોજી માહિતી લીધેલ હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ચક્રવાતના કારણે દેશનાં અસરગ્રસ્ત રાજ્યોમાં મૃત્યુ પામેલા લોકોના પરિજનોને રૂપિયા બે લાખની અને ઈજાગ્રસ્ત થયેલા લોકોને રૂપિયા ૫૦ હજારની સહાય જાહેર કરી હતી આ ઉપરાંત ચક્રવાતના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલ નુકસાની માટે રૂપિયા ૧૦૦૦ કરોડનું રાહત પેકેજ આપ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાત રાજ્યમાં આ ચક્રવાતના કારણે કેટલી હદે નુકસાન થવા પામ્યું છે તેનું આકલન કરવા માટે આંતર મંત્રીમંડળીય ટીમને મોકલશે અને તેમના અહેવાલના આધારે વધારે સહાયતા આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે વડાપ્રધાનશ્રીની આ મુલાકાતને લઈ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના સપૂત છે. તેઓ અગાઉ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે યશસ્વી કામગીરી કરી ચૂક્યા છે અને ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિથી સારી રીતે પરિચિત છે ત્યારે ગુજરાત ઉપર આવતી કોઈ પણ કુદરતી આપત્તિના કારણે રાજ્યમાં જાન માલનું કે અન્ય કોઈપણ પ્રકારનું નુકસાન ઓછું થાય અને જો થાય તો તેને પહોંચી વળવા માટે શક્ય તેટલી મદદ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે તેવી વડાપ્રધાનશ્રીની લાગણી હોય તે સ્વાભાવિક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વિનાશકારી ચક્રવાતથી થયેલ નુકસાન પેટે જે નાણાકીય સહાય મૃતકના પરિવારને અને ઈજાગ્રસ્ત થયેલ વ્યક્તિઓને આપવાનું જાહેર કરેલ છે તેને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે આવકારી હતી.

સ્થિતિમાં રાજ્યની ૨૯૫ જેટલી કોવિડ હોસ્પિટલોમાં વીજપુરવઠો બંધ કરાયો હતો અને જનરેટર સેટથી વીજળી આપવામાં આવતી હતી. હવે ૨૯૫ પૈકી ૨૬૯ કોવિડ હોસ્પિટલમાં વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવ્યો છે. ૨૯ કોવિડ હોસ્પિટલ જે હાલ જનરેટર સેટ ઉપર ચાલે છે ત્યાં સત્વરે વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આ તાઉતે વાવાઝોડાના કારણે રાજ્યનાં આશરે ૨૧૦૦ જેટલાં ક્રિટિકલ મોબાઈલ ટાવર ક્ષતિગ્રસ્ત થયાં હતાં તે પૈકી ૧૫૦૦ જેટલાં મોબાઈલ ટાવર ચાલુ કરી દેવામાં આવ્યાં છે. જ્યારે બાકીનાં ટાવર ચાલુ કરવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ એવો વિશ્વાસ દર્શાવ્યો કે, ગુજરાત હંમેશા કોઈપણ આપત્તિનો મક્કમતાથી મુકાબલો કરીને સતત અડીખમ રહ્યું છે. વિકાસની રાહે સતત આગળ વધતા રહેવાનું ગુજરાતનું ખમીર અને ઝમીર હતું, છે અને રહેશે.

●







# ના તો ભારત હિંમત હારશે અને ના કોઈ ભારતવાસી હિંમત હારશે આપણે લડીશું અને જીતીશું


**લગભગ ૧૯ હજાર કરોડ રૂપિયા ખેડૂતોનાં બેંક ખાતાંમાં સીધા હસ્તાંતરિત કરવામાં આવશે તેનો લાભ લગભગ ૧૦ કરોડ ખેડૂતોને થશે**

આજે ખૂબ જ પડકારજનક સમયમાં આપણે આ સંવાદ કરી રહ્યા છીએ. આ કોરોનાકાળમાં પણ દેશના ખેડૂતો, આપણા કૃષિ ક્ષેત્રમાં પોતાની જવાબદારી નિભાવતા, અનાજનું રેકોર્ડ ઉત્પાદન કરી રહ્યા છે, તમે કૃષિમાં નવી નવી પદ્ધતિઓનો પ્રયોગ કરી રહ્યા છો. તમારા પ્રયાસોને પીએમ કિસાન સમ્માન નિધિનો એક વધુ હપ્તો હજી વધારે મદદ કરવા જઈ રહ્યો છે. આજે અક્ષય તૃતિયાનું પાવન પર્વ છે, કૃષિના નવા ચક્રની શરૂઆતનો સમય છે અને આજે જ લગભગ ૧૯ હજાર કરોડ રૂપિયા ખેડૂતોનાં બેંક ખાતાંમાં સીધા હસ્તાંતરિત કરવામાં આવશે, જેનો લાભ લગભગ ૧૦ કરોડ ખેડૂતોને થશે. બંગાળના ખેડૂતોને સૌપ્રથમ વખત આ સુવિધાનો લાભ મળવાનો શરૂ થયો છે. આજે બંગાળના લાખો ખેડૂતોને સૌપ્રથમ હપ્તો પ્રાપ્ત થયો છે. જેમ જેમ રાજ્યો પાસેથી ખેડૂતોનાં નામ કેન્દ્ર સરકારને મળતાં રહેશે તેમ તેમ લાભાર્થી ખેડૂતોની સંખ્યા હજી વધારે વધતી જશે.

**સવા લાખ કરોડ કરતાં પણ વધુ સીધા ખેડૂતોનાં ખાતાંમાં, કોઈ વચેટિયા નહિ**

સાથીઓ, પીએમ કિસાન સમ્માન નિધિ વડે ખાસ કરીને નાના અને મધ્યમ વર્ગના ખેડૂતોને વધારે લાભ થઈ રહ્યો છે. આજના મુશ્કેલ સમયમાં આ રકમ આ ખેડૂત પરિવારોના ખૂબ જ કામમાં આવી રહી છે. અત્યાર સુધી આ યોજના અંતર્ગત દેશના લગભગ ૧૧ કરોડ ખેડૂતોની પાસે લગભગ ૧ લાખ ૩૫ હજાર કરોડ રૂપિયા પહોંચી ચૂક્યા છે તેનો અર્થ એ કે સવા લાખ કરોડ કરતાં પણ વધુ રૂપિયા સીધા ખેડૂતોનાં ખાતાંમાં. કોઈ વચેટિયા નહિ. તેમાંથી માત્ર કોરોનાકાળમાં જ ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધુ પહોંચાડવામાં આવ્યા છે. જરૂરિયાતના સમયે દેશવાસીઓ સુધી સીધી મદદ પહોંચે, ઝડપી ગતિએ પહોંચે, જેને જરૂરિયાત છે, તેના સુધી સંપૂર્ણ પારદર્શકતા સાથે પહોંચે, એ જ સરકારનો નિરંતર પ્રયાસ છે.

ભાઈઓ અને બહેનો, ઝડપથી, સીધા ખેડૂતો સુધી લાભ પહોંચાડવાનું આ કામ ઉત્પાદનની સરકારી ખરીદીમાં પણ બહુ વ્યાપક પ્રમાણમાં કરવામાં આવી રહ્યું છે. કોરોનાના મુશ્કેલ પડકારો વચ્ચે જ્યા ખેડૂતોએ કૃષિ અને બાગાયતી ખેતીમાં રેકોર્ડ ઉત્પાદન



કર્યું છે, ત્યાં જ સરકાર પણ દર વર્ષે લઘુતમ ટેકાના ભાવ પર ખરીદી માટે નવા નવા રેકોર્ડ બનાવી રહી છે. પહેલાં ધાનની અને હવે ઘઉંની પણ રેકોર્ડ ખરીદી થઈ રહી છે. આ વર્ષે, અત્યાર સુધી વીતેલા વર્ષની સરખામણીએ લગભગ ૧૦ ટકા વધારે ઘઉં એમએસપી પર ખરીદવામાં આવી ચૂક્યા છે. સૌથી મોટી વાત એ કે હવે ખેડૂતો જે પાક બજારમાં વેચી રહ્યા છે તેને હવે પોતાના પૈસા માટે લાંબો સમય સુધી રાહ નથી જોવી પડતી, હેરાન નથી થવું પડતું. ખેડૂતના હકના પૈસા સીધા તેના બેંક ખાતામાં જમા થઈ રહ્યા છે. મને સંતોષ છે કે પંજાબ અને હરિયાણાના લાખો ખેડૂતો સૌપ્રથમ વખત સીધા હસ્તાંતરણની આ સુવિધા સાથે જોડાયા છે. અત્યાર સુધી પંજાબના ખેડૂતોનાં બેંક ખાતાંમાં આશરે ૧૮ હજાર કરોડ રૂપિયા આવ્યા અને હરિયાણાના ખેડૂતોનાં બેંક ખાતાંમાં ૯ હજાર કરોડ રૂપિયા સીધા જમા થઈ ચૂક્યા છે. પોતાના પૂરેપૂરા પૈસા પોતાના બેંક ખાતામાં મેળવવાનો સંતોષ શું હોય છે તે પંજાબ અને હરિયાણાના ખેડૂતો પણ અનુભવ કરી રહ્યા છે અને અગ્રેસર બનીને બોલી પણ રહ્યા છે. મેં સોશિયલ મીડિયા પર એટલા વીડિયો જોયા છે ખેડૂતોના, ખાસ કરીને પંજાબના ખેડૂતોના કે આ રીતે તેમને પૈસા મળવા અને તે પણ પૂરેપૂરા પૈસા પહોંચાડવા તેનો સંતોષ એટલા ઉત્સાહ સાથે તેઓ જણાવી રહ્યા છે.

### જૈવિક ઉત્પાદનો નમામિ ગંગે બ્રાન્ડ સાથે બજારમાં ઉપલબ્ધ

સાથીઓ, ખેતીમાં નવાં સમાધાન, નવા વિકલ્પો આપવા માટે



સરકાર સતત પ્રયાસ કરી રહી છે. જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવું એ આવો જ એક પ્રયાસ છે. આ પ્રકારના પાકોમાં ખર્ચ પણ ઓછો છે, તે માટી અને માણસના સ્વાસ્થ્ય બંને માટે પણ લાભદાયક છે અને તેની કિંમત પણ વધારે મળે છે. થોડા સમય પહેલાં આ પ્રકારની ખેતીમાં લાગેલા સંપૂર્ણ દેશના કેટલાક ખેડૂતો સાથે મારી વાતચીત પણ થઈ છે. તેમનો ઉત્સાહ, તેમના અનુભવોને જાણીને હું ખૂબ જ ઉત્સાહિત છું. આજે ગંગાજીની બંને બાજુ લગભગ ૫ કિલોમીટરના વિસ્તારમાં જૈવિક ખેતીને વ્યાપક સ્તર પર પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે કે જેથી તે જે ખેતરોમાં ઉપયોગમાં લેવામાં આવેલ રસાયણો છે, વરસાદના સમયે પાણી વહીને ગંગાજીમાં ના વહી જાય અને ગંગાજી પ્રદૂષિત ના થાય તે માટે ગંગાજીના બંને કિનારાઓના ૫ કિલોમીટરમાં લગભગ આ જૈવિક ઉત્પાદન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ જૈવિક ઉત્પાદનો નમામિ ગંગે બ્રાન્ડ સાથે બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યાં છે. એ જ રીતે ભારતીય પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને, તેને પણ વ્યાપક સ્તર પર પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. તેની સાથે સાથે સરકારનો એ સતત પ્રયાસ છે કે નાના અને સીમાંત ખેડૂતોને બેન્કોમાંથી સસ્તું અને સરળ ધિરાણ પ્રાપ્ત થાય. તેના માટે વીતેલા દોઢ વર્ષથી કિસાન ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવાનું એક વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ૨ કરોડ કરતાં વધુ કિસાન ક્રેડિટ કાર્ડ જાહેર કરવામાં આવ્યાં છે. આ કાર્ડ્સ પર ખેડૂતોએ ૨ લાખ કરોડ રૂપિયાથી વધુનું ધિરાણ બેંકો પાસેથી લઈ લીધું છે. તેનો બહુ મોટો લાભ પશુપાલન, ડેરી અને મત્સ્યઉછેર સાથે જોડાયેલ ખેડૂતોને પણ મળવાનો શરૂ થઈ ગયો છે. હમણાં તાજેતરમાં જ સરકારે એક વધુ મહત્ત્વનો નિર્ણય લીધો છે અને હું ઇચ્છીશ કે મારા ખેડૂત ભાઈઓ બહેનોને સરકારના આ નિર્ણયથી ખુશી થશે. તેમના માટે આ ખૂબ લાભકારી હશે. સરકારે નિર્ણય લીધો છે કે કોરોનાકાળને ધ્યાનમાં રાખીને કેસીસી ધિરાણની ચુકવણી અથવા તો નવીનીકરણની સમયમર્યાદાને વધારી




દેવામાં આવી છે. એવા તમામ ખેડૂતો જેમનું ઋણ ઉધાર છે તેઓ હવે ૩૦ જૂન સુધી ઋણ નવીનીકરણ કરી શકે છે. આ વધેલા સમયગાળામાં પણ ખેડૂતોને ૪ ટકા વ્યાજ પર જે ધિરાણ મળે છે, જે લાભ મળે છે, તે લાભ પણ ચાલુ રહેશે, મળતો રહેશે.

**ગામડાંઓનું, ખેડૂતોનું કોરોના વિરુદ્ધ ભારતની લડાઈમાં બહુ મોટું યોગદાન રહ્યું છે**

સાથીઓ, ગામડાંઓનું, ખેડૂતોનું કોરોના વિરુદ્ધ ભારતની લડાઈમાં બહુ મોટું યોગદાન રહ્યું છે. તે તમારા જ શ્રમનું પરિણામ છે કે આજે આ કોરોનાકાળમાં ભારત દુનિયાની સૌથી મોટી મફત કરિયાણાની યોજના ચલાવી રહ્યું છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના માધ્યમથી ગયા વર્ષે આઠ મહિના સુધી ગરીબોને મફત કરિયાણું આપવામાં આવ્યું હતું. આ વખતે મે અને જૂન મહિનામાં દેશના ૮૦ કરોડ કરતાં વધુ સાથીઓને કરિયાણું મળે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. તેની ઉપર પણ કેન્દ્ર સરકાર ૨૬ હજાર કરોડ રૂપિયા, આપણાં ગરીબોના ઘરમાં ચૂલો સળગે, તેના માટે ખર્ચ કરી રહી છે. હું રાજ્ય સરકારોને આગ્રહ કરીશ કે ગરીબોને આ કરિયાણાના વિતરણમાં કોઈ તકલીફ ના પડે તે બાબતની ખાતરી કરવામાં આવે.

**૧૦૦ વર્ષ પછી આવેલ આટલી ભીષણ મહામારી ડગલે ને પગલે દુનિયાની પરીક્ષા લઈ રહી છે**

સાથીઓ, ૧૦૦ વર્ષ પછી આવેલ આટલી ભીષણ મહામારી ડગલે ને પગલે દુનિયાની પરીક્ષા લઈ રહી છે. આપણી સામે એક અદશ્ય દુશ્મન છે અને આ દુશ્મન બહુરૂપીય પણ છે અને આ દુશ્મનના કારણે આ કોરોના વાઈરસના કારણે આપણે આપણા કેટલાય નજીકના સગાઓને ગુમાવી પણ ચૂક્યા છીએ. વીતેલા કેટલાક સમયમાં જે તકલીફ દેશવાસીઓએ સહન કરી છે, અનેક લોકો જે પીડામાંથી પસાર થઈ રહ્યા છે, મુસીબતમાંથી પસાર થઈ રહ્યા છે તેનો હું પણ એટલો જ અનુભવ કરી રહ્યો છું. દેશનો પ્રધાન સેવક હોવાના નાતે તમારી દરેક ભાવનામાં હું સહભાગી છું. કોરોનાના સેકન્ડ વેવ સામે તેની સરખામણીએ સંસાધનો સાથે જોડાયેલ જેટલા પણ અવરોધો હતા તેમને ઝડપથી દૂર કરવામાં આવી રહ્યા છે. યુદ્ધસ્તર પર કામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તમે જોયું હશે કે સરકારના તમામ વિભાગો, બધાં જ સંસાધનો, આપણાં દેશનાં સુરક્ષા દળો, આપણા વૈજ્ઞાનિકો, બધા જ દિવસ-રાત કોવિડના પડકારનો સામનો કરવામાં એકઠા થયેલા છે. દેશના જુદા જુદા ભાગોમાં ઝડપથી કોવિડ દવાખાનાં બની રહ્યાં છે, નવી ટેકનોલોજી સાથે ઑક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યા છે. આપણી ત્રણેય સેનાઓ – વાયુસેના, નેવી, આર્મી બધા જ સંપૂર્ણ શક્તિ સાથે આ કામમાં જોડાયેલા છે. ઑક્સિજન રેલવે, તેણે કોરોના વિરુદ્ધ આ લડાઈને બહુ મોટી તાકાત આપી છે. દેશના દૂર-સુદૂરના વિસ્તારોમાં આ વિશેષ ટ્રેનો, આ ઑક્સિજન રેલવે ઑક્સિજન પહોંચાડવામાં લાગેલી છે. ઑક્સિજન ટેન્કરો લઈ જનારા ટ્રક



**સરકારે ખેડૂત તરફી ઐતિહાસિક નિર્ણય લઈને ખાતરની સબસિડીમાં વધારો કર્યો**

---

**ડીએપી ખાતરની સબસિડીમાં ૧૪૦%નો વધારો કરાયો**

---

**ડીએપી ખાતરની દર બેગદીઠ ખેડૂતો હવે ૫૦૦ રૂપિયાને બદલે ૧૨૦૦ રૂપિયા સબસિડી પ્રાપ્ત કરશે**

---

**ખેડૂતોને હવે ૨૪૦૦ રૂપિયાની ડીએપીની બેગ ૧૨૦૦ રૂપિયામાં પડશે**


---

**કાતરની સબસિડી પાછળ સરકાર વધારાના ૧૪,૭૭૫ કરોડ રૂપિયા ખર્ચ કરશે**

---

**આંતરરાષ્ટ્રીય કિંમતો વધે છતાં ખેડૂતોને જૂના ભાવે જ ખાતર મળવું જોઈએ**

**ખેડૂતોને કલ્યાણ જ સરકારનો મૂળ મંત્ર છે**





ડ્રાઈવરો રોકાયા વિના કામ કરી રહ્યા છે. દેશના ડૉક્ટર્સ હોય, નર્સિંગ સ્ટાફ હોય, સફાઈ કર્મચારી હોય, એમ્બ્યુલન્સના ડ્રાઈવર્સ હોય, લેબમાં કામ કરનાર સજ્જનો હોય, નમૂના એકત્રિત કરનારા હોય, એક એક જીવનને બચાવવા માટે ચોવીસ કલાક લાગેલા છે. આજે દેશમાં જરૂરી દવાઓની ખપત વધારવા ઉપર યુદ્ધસ્તર પર કામ કરવામાં આવી રહ્યું છે. સરકાર અને દેશના ફાર્મા ક્ષેત્રએ છેલ્લા કેટલાક દિવસોમાં જરૂરી દવાઓના ઉત્પાદનને અનેકગણું વધારી દીધું છે. બહારથી પણ દવાઓ મંગાવવામાં આવી રહી છે. આ સંકટના સમયમાં, દવાઓ અને જરૂરી વસ્તુઓની જમાખોરી અને કાળાબજારીમાં પણ કેટલાક લોકો પોતાના નિહિત સ્વાર્થના કારણે લાગેલા છે. હું રાજ્ય સરકારોને આગ્રહ કરીશ કે આવા લોકો પર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. આ માનવતા વિરુદ્ધનું કાર્ય છે. ભારત હિંમત હારે એવો દેશ નથી. ના તો ભારત હિંમત હારશે અને ના કોઈ ભારતવાસી હિંમત હારશે. આપણે લડીશું અને જીતીશું.

સાથીઓ, આજના આ કાર્યક્રમમાં, હું દેશના તમામ ખેડૂતોને, ગામડાંઓમાં રહેનારાં તમામ ભાઈઓ બહેનોને કોરોના વિશે ફરીથી સાવચેત કરવા માંગું છું. આ ચેપ અત્યારે ગામડાંઓમાં ઝડપથી પહોંચી રહ્યો છે. દેશની દરેક સરકાર તેની સામે લડવા માટે દરેક શક્ય એવા પ્રયાસો કરી રહી છે. તેમાં ગામના લોકોની જાગૃતિ, આપણી પંચાયતી રાજ્ય સાથે જોડાયેલ જે પણ વ્યવસ્થાઓ છે, તેમનો સહયોગ, તેમની ભાગીદારી તેટલી જ જરૂરી છે. તમે દેશને ક્યારેય નિરાશ નથી કર્યો, આ વખતે પણ તમારી પાસેથી આ જ અપેક્ષા છે. કોરોનાથી બચવા માટે તમારે પોતાની જાત પર, પોતાના પરિવાર પર, સામાજિક સ્તર પર જે પણ જરૂરી પગલાં છે, જરૂરિયાતો છે, તેને આપણે લેવાનાં જ છે. માસ્ક સતત પહેરવું ખૂબ જરૂરી છે. તે પણ એવું પહેરવાનું છે કે નાક અને મોઢા પર સંપૂર્ણ રીતે ઢંકાયેલું રહે. બીજી વાત, તમને કોઈપણ પ્રકારની ઉધરસ, શરદી, તાવ, ઊલટી, ઝાડા જેવાં લક્ષણોને સામાન્ય માનીને નથી ચાલવાનું. પહેલાં તો પોતાની જાતને શક્ય તેટલી બીજાઓથી અલગ કરવાની છે. પછી જલદીથી જલદી કોરોનાનો રિપોર્ટ કરાવવાનો છે અને જ્યાં સુધી આ રિપોર્ટ ના આવે ત્યાં સુધી ડોક્ટરે જે દવાઓ આપી છે તે જરૂર લેતા રહેવાની છે.

## બચવા માટેનું એક બહુ મોટું માધ્યમ છે, કોરોનાની રસી

સાથીઓ, બચવા માટેનું એક બહુ મોટું માધ્યમ છે, કોરોનાની રસી. કેન્દ્ર સરકાર અને બધી જ રાજ્ય સરકારો સાથે મળીને એ અંગેનો સતત પ્રયાસ કરી રહી છે કે વધુમાં વધુ દેશવાસીઓને ઝડપથી રસી લાગી જાય. દેશભરમાં અત્યાર સુધી લગભગ ૧૮ કરોડ રસીના ડોઝ આપી દેવામાં આવ્યા છે. દેશભરનાં સરકારી દવાખાનાંઓમાં મફત રસીકરણ કરવામાં આવી રહ્યું છે. એટલા માટે જ્યારે પણ તમારો વારો આવે તો રસી જરૂરથી લગાવજો. આ રસી આપણને કોરોના વિરુદ્ધ સુરક્ષા કવચ પૂરું પડશે, ગંભીર બીમારીની આશંકાને પણ ઓછી કરશે. હા, રસી લગાવ્યા પછી પણ માસ્ક અને બે ગજના અંતરના મંત્રને હમણાં આપણે છોડવાનો નથી. એક વાર ફરી સૌ ખેડૂત સાથીઓને હું ખૂબ ખૂબ શુભકામનાઓ આપું છું.

ખૂબ ખૂબ આભાર !


•



# વાવાઝોડા સામે ગુજરાત ઝનૂનપૂર્વક લડ્યું ભીષણ આફત સામે સુરક્ષિત રહ્યું જીવન



- આગોતરા આયોજન, અગમચેતી અને મંત્રીઓથી માંડીને રાજ્ય સરકારના નાનામાં નાના કર્મચારીના સક્રિય પ્રયત્નો તથા ગુજરાતના લોકોના અભૂતપૂર્વ સહકારથી ગુજરાત તાઉતે વાવાઝોડામાંથી સાંગોપાંગ મુક્ત થયું છે.
- વાવાઝોડાની વિશેષ અસર થઈ છે એવા જિલ્લાઓમાં સરકારના તમામ વિભાગો યુદ્ધના ધોરણે રિસ્ટોરેશન અને રાહત કામગીરી શરૂ કરાઈ. આગામી દિવસોમાં પરિસ્થિતિ પૂર્વવત્ થઈ જાય અને જનજીવન સામાન્ય થઈ જાય એ પ્રકારે કાર્યવાહી કરાઈ.
- 'ઝીરો કેઝ્યુઅલટી'ના અભિગમ સાથે રાજ્ય સરકારે ખડેપગે રહીને સમગ્ર આયોજન કર્યું હતું, રાજ્ય સરકારના આ માટેના નમ્ર પ્રયત્નોની કુદરતે પણ કાળજી લીધી છે, અને આવા તીવ્ર વાવાઝોડામાં પણ માત્ર ૧૩ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા છે. એમાં પણ મોટાભાગનાં મૃત્યુ આકસ્મિક ઘટનાઓને લઈને થયાં છે.
- આવતીકાલથી રાજ્ય સરકારના સંબંધિત વિભાગો અસરગ્રસ્ત જિલ્લાઓમાં નુકસાનીના વિગતવાર સર્વેક્ષણની કામગીરી શરૂ કરાઈ. પ્રાથમિક તબક્કે મકાનો, ખેતીવાડી, પશુપાલન અને મત્સ્યોદ્યોગને જે નુકસાન થયું છે તેનું સર્વેક્ષણ હાથ ધરાયું.
- જે જિલ્લાઓમાં વિશેષ નુકસાન થયું છે ત્યાં પડોશી જિલ્લાઓના અધિકારીઓને પણ સર્વેક્ષણની કામગીરીમાં સામેલ કરાયા, જેથી આ કામગીરી ઝડપથી થઈ શકે. તેમણે કહ્યું કે, યોગ્ય તમામ વ્યક્તિઓને સરકારી ધારાધોરણ મુજબ કેશડોલ્સ, ઘરવખરી સહાય અને અન્ય આર્થિક સહાય તાત્કાલિક ચૂકવવાની કામગીરી હાથ ધરાઈ છે.
- રાજ્ય સરકારના અગમચેતીભર્યા પગલાંને કારણે ગુજરાતની એક પણ કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓને કોઈ જ તકલીફ પડી નથી.
- ગુજરાતમાં કુલ ૪૨૫ કોવિડ હોસ્પિટલ પૈકી ૧૨૨ કોવિડ હૉસ્પિટલ વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં હતી. તેમાંથી ૮૩ હોસ્પિટલોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો, આમ છતાં તમામ હોસ્પિટલોમાં જનરેટર સેટ અને ડીઝલની આગોતરી વ્યવસ્થા હોવાને કારણે એક પળ માટે પણ વીજ પુરવઠામાં અવરોધ સર્જાયો ન હતો.
- વાવાઝોડાથી વધુ અસર પામેલા જિલ્લાઓ ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સથી વાત કરીને વિસ્તૃત વિગતો મેળવી હતી, એટલું જ નહીં તમામ જિલ્લાઓના વહીવટીતંત્રને રિસ્ટોરેશન કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવાની સૂચના આપી હતી.



- રાજ્યના ૫૯૫૧ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો અને મંગળવારે સાંજ સુધીમાં તે પૈકીનાં ૨,૧૦૧ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત્ ચાલુ થઈ ગયો હતો. વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં કોમ્યુનિકેશન પૂર્વવત્ થઈ જાય તે માટે મોબાઈલ કંપનીઓ સાથે તાકીદે બેઠક કરીને મોબાઈલ ટાવર્સ અને તમામ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂર્વવત્ થઈ જાય તેવા પ્રયત્નો કરવા સૂચનાઓ આપવામાં આવી.
- ૨૨૦ કેવીનાં પાંચ વીજ સબસ્ટેશન અને ૬૬ કેવીનાં ૧૬૫ સબ સ્ટેશનને અસર થઈ હતી. રાજ્ય સરકારની વીજ કંપનીઓએ ૯૫૦ જેટલી ટુકડીઓને કામે લગાડી છે અને સત્વરે સમગ્ર રાજ્યમાં વીજ પુરવઠો પૂર્વવત્ થઈ જાય તે પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- રાજ્યમાં ૬૯,૪૨૯ વીજ-થાંભલાઓ વાવાઝોડાને કારણે તૂટી ગયા છે, પરંતુ ૮૧ હજાર જેટલા વીજથાંભલા સંબંધિત વિભાગ પાસે ઉપલબ્ધ છે એટલે તમામ થાંભલાઓના રિપ્લેસમેન્ટની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.
- વૃક્ષ પડવાથી ગુજરાતના ૬૭૪ રસ્તાઓ કામચલાઉ ધોરણે બંધ હતા, તે પૈકીના ૫૬૨ રસ્તાઓ પર માર્ગ વ્યવહાર રાબેતા મુજબ થઈ ગયો છે. ૧૧૨ રસ્તાઓના રિપેરિંગ અને સાફ-સફાઈનાં કામો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યાં છે.
- સમગ્ર વહીવટીતંત્ર આગામી બે દિવસ માટે રિસ્ટોરેશન અને રાહત કામગીરી કરશે. ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં વાવાઝોડા પછી પાણીજન્ય રોગો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં જઈને આરોગ્ય સર્વેક્ષણ પણ હાથ ધરાયું છે.
- તમામ વિસ્તારોમાં મોટા પાયે સાફ-સફાઈની આવશ્યકતા હોવાથી સુરત, રાજકોટ અને જામનગર જેવા મહાનગરપાલિકા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં સફાઈ કામદારો વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી રહ્યા છે. સાફ-સફાઈની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે.
- વાવાઝોડાથી ઉનાળુ પાકને ઓછું નુકસાન થયું છે, પરંતુ કેરી અને નાળિયેરી જેવા પાકોને સારું એવું નુકસાન થયું છે. રાજ્ય સરકાર તમામ નુકસાનના સર્વેક્ષણની કામગીરી હાથ ધરશે અને ધારાધોરણ મુજબ આગળના નિર્ણયો લેવાશે.

●




### મકાનોને થયેલા નુકસાન અંગે નુકસાન સહાયના ધોરણો જાહેર કરાયા

- **તાઉતે વાવાઝોડાને પરિણામે રાજ્યમાં સંપૂર્ણ નાશ પામેલા મકાનો માટે રૂ. ૯૫,૧૦૦ની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.**
- **અંશતઃ નુકસાન પામેલાં કાચાં-પાકાં મકાનો એટલે કે છાપરાં-નળિયાં ઊડી ગયાં હોય, કોઈ દીવાલ ધરાશાયી થઈ ગઈ હોય તેવાં મકાનો માટે રૂ. ૨૫,૦૦૦ની સહાય અપાશે.**
- **આ વાવાઝોડાને પરિણામે જે ઝૂંપડાંઓ નાશ પામ્યાં છે તે ઝૂંપડાંઓ માટે રૂ. ૧૦,૦૦૦ની સહાય તેમજ પશુ રાખવાની જગ્યા ગમાણ-વાડાને થયેલા નુકસાન માટે રૂ. ૫,૦૦૦ની સહાય રાજ્ય સરકાર આપશે.**



**ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રીય કિસાન મોરચા દ્વારા આયોજિત સેવા હી સંગઠનના કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશનાં ૮૨૪ સામુદાયિક કેન્દ્રો પર કોવિડ-૧૯ હેલ્પ ડેસ્કનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉદ્‌ઘાટન કરતા ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જગતપ્રકાશ નડ્ડાજી**




# ભાજપાનો દરેક કાર્યકર પોતાના જીવના જોખમે આ કોવિડ મહામારીમાં દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા જાહેર કરવામાં આવતી ગાઇડ લાઇન મુજબ લોકોના જીવ બચાવવા માટે મેદાનમાં છે - શ્રી જગતપ્રકાશ નડ્ડાજી

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજીએ ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા દ્વારા આયોજિત સેવા હી સંગઠનના કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશના ૮૨૪ સામુદાયિક કેન્દ્રો પર કોવિડ - ૧૯ હેલ્પ ડેસ્કનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉદ્‌ઘાટન કર્યું હતું. ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા પ્રારંભ કરવામાં વિશ્વના સહુથી મોટા ટીકાકરણ અભિયાન અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જગતપ્રકાશ નડ્ડાજીના મૂળ મંત્ર સેવા હી સંગઠન તથા મેરા બુથ કોરોનામુક્ત અભિયાન દેશભરમાં વેગવંતું કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનને વધુ મજબૂત કરવાના હેતુસર કાર્યકર્તાઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે, ગ્રામીણ જનતામાં જનજાગૃતિની સાથોસાથ આરોગ્યસેતુ એપ પર તેમનું રજિસ્ટ્રેશન કરાવે જેના કારણે વધુમાં વધુ નાગરિકોને સફળતાપૂર્વક ટીકાકરણ કરી શકાય. શ્રી નડ્ડાજીએ વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ જનપદમાં એક સામુદાયિક કેન્દ્ર પર કોવિડ-૧૯ હેલ્પ ડેસ્ક પર કિસાન મોરચા કાર્યકર્તા સમય અંતરાલ પર ઉપસ્થિત રહી માસ્ક વિતરણ, સેનિટાઇઝેશન આઇસોલેશન, ઓક્સિજન સિલિન્ડર અને હોસ્પિટલ બેડની સહાયતા લોકો માટે કરે. શ્રી નડ્ડાજીએ ભાજપાના નાનામાં નાના કાર્યકરે આજ દિવસ સુધી કોરોના મહામારી સામે જે સેવા કરી છે તેને બિરદાવી હતી.

શ્રી નડ્ડાજીએ વધુમાં જણાવ્યું હતું કે દેશમાં કેન્દ્રની સરકાર અને પ્રદેશોમાં જ્યાં ભાજપા શાસિત સરકારો છે ત્યાં ભાજપાનો દરેક કાર્યકર પોતાના જીવના જોખમે આ કોવિડ મહામારીમાં દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરવામાં આવતી ગાઈડ લાઈન મુજબ લોકોના જીવ બચાવવા માટે મેદાનમાં છે ત્યારે સેવાકીય કાર્ય કરવાને બદલે વિપક્ષો દ્વારા અવારનવાર બેબુનિયાદ પ્રશ્નો ઊભા કરી હવનમાં હાડકાં નાંખવાનું કાર્ય કરવાની નિમ્ન કક્ષાની રાજનીતિ કરે છે. શ્રી નડ્ડાજીએ ભાજપાના કાર્યકર્તાઓને વિપક્ષો દ્વારા કરવામાં આવતી હલકી રાજનીતિને ધ્યાને ન લઈ ભાજપાના મૂળમંત્ર સેવા એ જ સંગઠનને લક્ષમાં લઈ સેવાકીય કાર્યમાં વ્યસ્ત રહેવા અપીલ કરી હતી.

શ્રી નડ્ડાજીએ વધુમાં જણાવ્યું હતું કે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ધરતીપુત્રો માટે જે કાર્ય કર્યું છે તે આજ દિવસ સુધી અગાઉની કોઈપણ સરકારે કર્યું નથી. વડાપ્રધાનશ્રીએ ધરતીપુત્રોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના આપી છે અને આ યોજના હેઠળ આઠમા હપ્તા રૂપે તાજેતરમાં જ રૂ. ૯.૫ કરોડથી વધુ રકમ ડીબીટી મારફતે ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવી છે. તેઓએ આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે દેશના પશ્ચિમ બંગાળ રાજ્યમાં કે જ્યાં આજ દિવસ સુધી ખેડૂતોને પ્રધાનમંત્રી કિશાન સન્માન નિધિ યોજનાનો લાભ મળેલ ન હતો ત્યાં પણ ખેડૂતોને આ યોજના હેઠળનો પહેલો હપ્તો ડીબીટી મારફતે ચૂકવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ દિવસ સુધીમાં રૂ. ૧.૩૬ લાખ કરોડ રૂપિયા દેશના ધરતીપુત્રોને ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવ્યા છે. ધરતીપુત્રોને પોતાની જણસ ઇચ્છે ત્યાં વેચવાનો અધિકાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજીએ ભાજપા કિસાન મોરચા દ્વારા આયોજિત આ કોવિડ-૧૯ હેલ્પડેસ્કના શુભારંભના કાર્યક્રમને ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે આવકાર્યો હતો.



# ગુજરાત ભાજપનો અભૂતપૂર્વ સેવાયજ્ઞ









## આઈસોલેશન સેન્ટર

- **ગુજરાતમાં ૧૭૩૪૪ બેડનાં વિવિધ સ્થળો પર કોવિડ કેર સેન્ટર**

  સાંસદ, ધારાસભ્ય, ચૂંટાયેલા પ્રતિનિધિઓ-પદાધિકારીઓ વગેરે દ્વારા ભોજન અને મેડિકલ ટ્રીટમેન્ટની વ્યવસ્થા સાથે આઈસોલેશન સેન્ટર ખોલવામાં આવ્યા, જેમાં અંદાજે **૨૬૬૪** બેડ ઓક્સિજનની વ્યવસ્થા સાથેના હતા. જેના લીધે લોકોને લાભ થયો અને સરકારી વ્યવસ્થાને પૂરક થઈ શક્યા.

## ટિફિન વ્યવસ્થા

- કાર્યકર્તાઓ દ્વારા અલગ અલગ જિલ્લાઓમાં તાલુકા સ્તરે જરૂરિયાત મુજબ ટિફિન ઘરે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી, જેમાં પ્રતિદિન સવાર-સાંજ થઈને અંદાજે **૫૯૬૪૬** ટિફિનની વ્યવસ્થા કરવામાં આવતી હતી.















# ગુજરાત ભાજપનો અભૂતપૂર્વ સેવાયજ્ઞ







## ઓક્સિજન પ્લાન્ટ દાતાઓ દ્વારા

- રાજ્યમાં વિવિધ છ સ્થળો પર નવા ઓક્સિજન પ્લાન્ટ દાતાઓ તરફથી મેળવીને શરૂ કરાયા.જેમાં (૧) નવસારી, (૨) સુરત સિવિલ હોસ્પિટલ, (૩) દીનબંધુ હોસ્પિટલ સુરત, (૪) સિમેર હોસ્પિટલ સુરત, (૫) તાપી, (૬) સુરત જિલ્લો, (૭) ખેડા અને સુરત ખાતે હિન્દુ કાઉન્સિલ ઓફ શિકાગોના સહયોગ દ્વારા ઓક્સિજન પ્લાન્ટ આપવામાંઆવ્યો. (૯) નવસારી (રવિ પટેલ યુ.એસ.એ-એપોલો ગ્રુપ અમદાવાદના પાર્ટનરના સૌજન્યથી)

## આર્થિક સહાય


- કોરોના દરમિયાન ભાજપના જે નબળી આર્થિક પરિસ્થિતિવાળા કાર્યકર્તા અને પરિવારજનોનું અવસાન થયું છે તેમને જિલ્લા પ્રમુખ/જિલ્લા પ્રભારી દ્વારા રૂ.૨૫,૦૦૦ની આર્થિક સહાય કરવામાં આવી.











# ગુજરાત ભાજપનો અભૂતપૂર્વ સેવાયજ્ઞ







### બ્લડ ડોનેશન

- સમગ્ર રાજ્યમાં અલગ અલગ જિલ્લા અને તાલુકા સ્તરે બહોળા પ્રમાણમાં બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યા અને મોટી સંખ્યામાં બ્લડ એકત્રિત કર્યું.

### પ્લાઝમા ડોનેશન

- પક્ષના કાર્યકર્તાઓએ પ્રજામાં જાગૃતિ લાવી પ્લાઝમા ડોનેશન માટે દાતાઓને તૈયાર કરી વિવિધ સ્થળો પર પ્લાઝમા ડોનેશન કેમ્પનું આયોજન કર્યું.

### રેપિડ એન્ટીજન્ટ ટેસ્ટ

- સૌરાષ્ટના ચાર જિલ્લાઓમાં ૧૦,૦૦૦ નંગ રેપિડ એન્ટીજન્ટ ટેસ્ટ કિટ મોકલવામાં આવી.

### ઓક્સિજન કોન્સનટ્રેટર

- ૧૦૦ જેટલા ઓક્સિજન કોન્સનટ્રેટર વિવિધ દાતાઓ દ્વારા મેળવી અલગ અલગ જગ્યાએ આપવામાં આવ્યાં.















# ગુજરાત ભાજપનો અભૂતપૂર્વ સેવાયજ્ઞ





### ઈન્સ્યોરન્સ

- કોવિડ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ ઉંમરના પ્રમાણમાં અંદાજે રૂ. ૬૦૦થી ૧૫૦૦ હોય છે, જેમાં મોટા ભાગે એવરેજ રૂ. ૧૦૦૦ની આસપાસ થાય છે. સુરતના જૈન અગ્રણીઓ સાથે યોજના બનાવી કોઈપણ વ્યક્તિ ઓનલાઈન કોવિડનો વિમો ઉતરાવે અને પ્રીમિયમ ભરે તે તેની ઓનલાઈન પ્રીમિયમ ભર્યાની રસીદ સંસ્થાને આપ્યાથી ભરેલ પ્રીમિયમની પૂરેપૂરી રકમ પરત કરવામાં આવી. આ રીતે અંદાજે ૨૫,૦૦૦ લાભાર્થીઓને લાભ આપી રૂ.૨.૫૦ કરોડની રકમ ચૂકવવામાં આવી.
















# ગુજરાત ભાજપનો અભૂતપૂર્વ સેવાયજ્ઞ


























# આપણી સરકારના આગવા સમાચાર

## મા કાર્ડ અને વાત્સલ્યમ્ કાર્ડ રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રૂ. ૫૦ હજાર સુધીની સારવાર ખાનગી હોસ્પિટલમાં પણ સરકારી ખર્ચે મળશે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની વર્તમાન સ્થિતિમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સારવાર ખર્ચમાં રાહત આપતો મહત્ત્વપૂર્ણ સંવેદનાસ્પર્શી નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણયને પરિણામે રાજ્યના ૮૦ લાખથી વધુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને કોરોનાની સારવાર ખર્ચમાં મોટી રાહત મળશે અને આવા પરિવારો ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવારમાં મા કાર્ડ અને વાત્સલ્યમ્ કાર્ડનો ઉપયોગ કરી શકશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી આ કોર કમિટીમાં એવો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે કે, મા કાર્ડ અને વાત્સલ્યમ્ કાર્ડ રાજ્યના જે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ધરાવે છે તેવા પરિવારોમાં જો કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત થાય તો તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દરરોજના રૂ. ૫,૦૦૦ સુધીની મર્યાદામાં ૧૦ દિવસના રૂપિયા ૫૦,૦૦૦ સુધીની સારવાર આ કાર્ડમાંથી વિનામૂલ્યે મળવા પાત્ર થશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં મા કાર્ડ અને વાત્સલ્યમ્ કાર્ડ ધરાવતા અંદાજે ૮૦ લાખ જેટલા પરિવારોને કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં તારીખ ૧૦મી જુલાઈ ૨૦૨૧ સુધી આ લાભ આપવાનો નિર્ણય કરીને કોરોનાની સારવાર ખર્ચમાં ગરીબ-મધ્યમવર્ગીય પરિવારોને મોટી રાહત આપી છે.

## સ્મશાનગૃહોના અદના કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ - સંવેદનશીલ નિર્ણય


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યનાં સ્મશાનગૃહોમાં મૃતદેહોના અંતિમ સંસ્કારની સેવા કામગીરી કરતાં અદના કર્મચારીઓ એવા સ્મશાનગૃહના કર્મચારીઓને પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં તેઓની કપરી સેવા-કામગીરીને ધ્યાનમાં રાખી એક મહત્ત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કોર કમિટીની બેઠકમાં કર્યો છે.

મુખ્ય મંત્રીશ્રીએ રાજયનાં સ્મશાનગૃહોના આવા કર્મચારીઓને કોરોના વોરિયર્સ ગણીને તેમને પણ રાજ્ય સરકાર દ્વારા કોરોના વોરિયર્સને મળવાપાત્ર લાભ તારીખ ૧ એપ્રિલ ૨૦૨૦ની અસરથી આપવાનો નિર્ણય કર્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અદના કર્મચારીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને એવો પણ નિર્ણય કર્યો છે કે સ્મશાનગૃહમાં ફરજ બજાવતા આવા કોઈ કર્મચારીનું કોરોનાને કારણે અવસાન થાય તો તેમના પરિવાર-વારસદારોને રૂપિયા ૨૫ લાખની સહાય પણ રાજ્ય સરકાર અન્ય કોરોના વોરિયર્સને જે રીતે આપે છે તે રીતે આપશે.

## રાજ્યમાં બે હજારથી વધુ નર્સની જગ્યાઓ તાત્કાલિક ધોરણે સીધી ભરતીથી ભરવામાં આવશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીએ રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં આરોગ્ય



સેવાઓમાં મહત્ત્વપૂર્ણ માનવબળ વધુ સુદૃઢ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

કોર કમિટીના આ નિર્ણય અનુસાર રાજ્યમાં ૨૦૧૯ જેટલી હાલ ખાલી પડેલી નર્સિસની જગ્યાઓ સીધી ભરતીથી તાત્કાલિક ધોરણે ભરવાની પ્રક્રિયા આરોગ્ય વિભાગ હાથ ધરશે.

રાજ્યમાં કોરોના સંક્રમિતોની સારવાર-શુશ્રુષા સહિત અન્ય આરોગ્યલક્ષી સેવાઓમાં મહત્ત્વપૂર્ણ ફરજ નિભાવતી નર્સિસની આ ભરતીને પરિણામે રાજ્યમાં આરોગ્ય સેવાકર્મીઓમાં વધુ માનવબળ જોડાતાં દરદીઓની સારવાર સેવામાં વધુ ગતિ આવશે.

## રાજ્યના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં ગુજરાત સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વવ્યાપી મહામારી કોરોનાના પ્રવર્તમાન સંક્રમણમાં રાજ્યમાં વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવાના સ્વાસ્થ્ય-રક્ષાના ભાવ સાથે કોરોનાની આ સ્થિતિમાં રાજ્યના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ એસ.એસ.સી.ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના આ વર્ગના રસીકરણની કામગીરી પણ હાલ હાથ ધરવામાં આવી ન હોઈ વિદ્યાર્થીઓના વિશાળ આરોગ્યહિતમાં રાજ્ય સરકારે પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોર કમિટીની બેઠકમાં લીધેલા આ નિર્ણયની વિગતો આપતાં કહ્યું કે, રાજ્યની ૧૨૭૬ સરકારી, ૫૩૨૫ ગ્રાન્ટ ઈન એઈડ, ૪૩૩૧ સેલ્ફ ફાઈનાન્સ અને અન્ય ૪૫ શાળાઓ મળી કુલ ૧૦,૯૭૭ શાળાઓમાં ધોરણ-૧૦ ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવશે

રાજ્ય સરકારે ગુજરાતમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ જે તા. ૧૦મી મે થી ૨૫ મી મે સુધી યોજાવાની હતી તે પ્રવર્તમાન કોરોના સંક્રમણની પરિસ્થિતિમાં મોકૂફ રાખવાનો નિર્ણય ગત તા. ૧૫મી એપ્રિલે કરેલો છે

રાજ્ય સરકારે પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય ૧૫મી એપ્રિલે કર્યો ત્યારે એવું જાહેર કરેલું કે તા.૧૫મી મે એ કોરોના સંક્રમણ સ્થિતિનું આકલન કરીને પુનઃ સમીક્ષા બાદ પરીક્ષાની નવી તારીખો વિદ્યાર્થીઓને તૈયારી માટે ઓછામાં ઓછા ૧૫ દિવસનો સમય આપીને જાહેર કરવામાં આવશે.

એટલું જ નહિ, ધોરણ ૧ થી ૯ અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ વર્ષે કોરોનાની સ્થિતિને અનુલક્ષીને માસ પ્રમોશન આપવાની જાહેરાત પણ અગાઉ રાજ્ય સરકારે કરેલી છે તેમ તેમણે ઉમેર્યું હતું

શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં છેલ્લાં બે અઠવાડિયાંથી કોરોના કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો અને હોસ્પિટલમાંથી કોરોનામુક્ત-સાજા થઈ ઘરે પરત ફરવાના કેસોમાં વધારો થઈ રહ્યો છે

આમ છતાં, દેશવ્યાપી સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં લેતાં રાજ્યના વિદ્યાર્થીઓના ભાવિને કોરોનાથી સુરક્ષિત રાખવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર કૃતસંકલ્પ છે.

હવે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા અને વિચાર-વિમર્શ બાદ ધોરણ-૧૦ એસ.એસ.સી.ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો છે તેમ શ્રી ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

રાજ્ય સરકારના આ વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણયના પરિણામે ધોરણ-૧૦ (એસ.એસ.સી.)ના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો લાભ મળવાપાત્ર થશે.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોર કમિટીમાં મુખ્યમંત્રીશ્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે ધોરણ-૧૦ (એસ.એસ.સી)ની પરીક્ષામાં બેસનારા રિપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા કોરોનાના કેસોમાં ઘટાડો થયા બાદ જરૂરી સમીક્ષા કરીને યોજવામાં આવશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આવા રિપિટર વિદ્યાર્થીઓને અગાઉનાં વર્ષોમાં રેગ્યુલર (નિયમિત) વિદ્યાર્થી તરીકે ધોરણ-૧૦માં પરીક્ષાની તક આપવામાં આવેલી છે, પરંતુ તેઓ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી શક્યા નથી.






**૧૦૧ બસોનું ઈ-લોકાર્પણ નાગરિકોને સલામત સમયસર અને પર્યાવરણપ્રિય બસસેવા ઉપલબ્ધ કરાવવી એ અમારી પ્રાથમિકતા - શ્રી વિજયભાઈ રૂપાણી**

ગુજરાતના નાગરિકોને સલામત, સમયસર અને પર્યાવરણપ્રિય અવિરત S.T. બસસેવા ઉપલબ્ધ કરાવવી એ ગુજરાત સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે તેમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ૧૦૧ બસોના ઈ-લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે રાજ્ય સરકારની સહાયથી પ્રથમવાર સંચાલનમાં મુકાનાર પર્યાવરણપ્રિય BS-6 એમિશન નોર્મ્સ ધરાવતી ૧,૦૦૦ બસ પૈકી પ્રથમ ચરણની ૧૦૧ બસનો ગાંધીનગરથી ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી અને વાહન-વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુએ જામનગરથી મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ ખાતેથી નવીન બસોનું ઈ-પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત એસ.ટી.એ લોકોને યાતાયાત - મુસાફરી માટે અવિરત - સલામત બસ-સેવા ઉપલબ્ધ કરાવીને "સારી બસ, સારી સેવા"ના મંત્રને ચરિતાર્થ કર્યો છે. ગુજરાત બજેટમાં ૧,૦૦૦ BS-6 બસોની જોગવાઈ કરાઈ હતી જેમાં પ્રથમ તબક્કામાં આજે ૧૦૧ બસોને લોકોની સેવા માટે કાર્યરત કરાઈ છે. જ્યારે પર્યાવરણની ચિંતા કરીને બાકીની બસો પણ બનતી ત્વરાએ કાર્યરત કરાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, લોકડાઉનના કપરા સમયમાં પણ ગુજરાત એસ.ટી. અને તેના કર્મચારીઓએ ખૂબ જ ઉત્તમ સેવા બજાવી હતી જે સરાહનીય છે. ગુજરાત એસ.ટી. બસ-સેવા નફા-નુકસાનની ચિંતા કર્યા વિના આ સેવા લોકહિતમાં સતત આપતી જ રહેશે. નરોડા ખાતે પણ નવી આધુનિક બસોના નિર્માણની અલગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જેથી આપણી જરૂરિયાત મુજબ નવી S.T. બસ તૈયાર કરી શકીએ. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ગુજરાત એસ.ટી.ના દિવસ-રાત કાર્ય કરતા કર્મયોગીઓને કોરોના વેક્સિનના બંને ડોઝ સમયસર લઈ લેવા પણ અનુરોધ કરીને આ નવીન BS-6 બસો માટે અભિનંદન પાઠવ્યાં હતાં.


જામનગર ખાતે ઉપસ્થિત વાહન વ્યવહાર મંત્રીશ્રી આર.સી. ફળદુએ સ્વાગત પ્રવચન કરીને ગુજરાત એસ.ટી.ની કામગીરીની માહિતી આપી હતી.

**કોરોના-કોવિડ-૧૯ સંક્રમણથી માતા-પિતા ગુમાવનારા અનાથ-નિરાધાર બાળકને રાજ્ય સરકાર માસિક રૂપિયા ૪૦૦૦ની સહાય આપશે**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીએ અનાથ-નિરાધાર થયેલા બાળકો માટે મહત્ત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કર્યો છે.

કોર કમિટીના આ સંવેદનશીલ નિર્ણય અનુસાર કોરોના-કોવિડ-૧૯ સંક્રમણથી માતા-પિતા ગુમાવનારા અનાથ-નિરાધાર થયેલા બાળકને રાજ્ય સરકાર માસિક રૂપિયા ૪૦૦૦ની સહાય આપશે. આવી સહાય બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

•





# સંપૂર્ણ રાષ્ટ્રે જીતવાનું છે - મોહનજી ભાગવત

દિલ્હી સ્થિતિ વિવિધ સમાજસેવી અને ધાર્મિક સંસ્થાઓ જેમાં સેવા ભારતી, ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, ઈશા ફાઉન્ડેશન, આર્ટ ઓફ લીવીંગ, સેવા ભારતી વગેરે સંસ્થાઓના બનેલા સંયુક્ત મંચ ''કોવિડ રિસ્પોન્સ ટીમ'' અંતર્ગત ૧૧ મે થી શરૂ થયેલ ''પૉઝિટિવિટી અનલિમિટેડ'' (Positivity Unlimited) લેકચર સીરીઝના સમાપન પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી મોહનજી ભાગવત વર્તમાન સંકટ પર બોલી રહ્યા હતા.

મોહનજીએ કહ્યું કે પરિવારને પ્રશિક્ષિત કરવાનો આ સમય છે, માસ્ક પહેરવો, પર્યાપ્ત શારીરિક અંતર જાળવવું, સેનિટાઈઝરનો ઉપયોગ, સ્વચ્છતા જાળવવી, પૌષ્ટિક આહાર લેવો - આ બધી વાતો ખબર છે પરંતુ આ વાતોથી સાવધાની રાખવી આવશ્યક છે. સાવધાની હટી કે દુર્ઘટના ઘટી.

મોહનજી ભાગવતે સંઘસ્થાપક ડૉ. કેશવ બલીરામ હેડગેવારને યાદ કરતાં કહ્યું કે એમની કિશોર અવસ્થામાં પ્લેગની મહામારીમાં લોકોની સેવા કરતાં કરતાં એમનાં માતા-પિતા બંને સ્વર્ગવાસ પામ્યાં. એ વખતે પૂરતી દવાઓ પણ નહોતી પરંતુ એના કારણે એમના મનમાં સમાજ પ્રત્યે નિરાશા ન આવી પરંતુ માતા-પિતાના વિયોગના દુઃખમાંથી સમગ્ર સમાજ પ્રત્યે નિરપેક્ષ આત્મીયતાનો સ્વભાવ બનાવ્યો.

એમણે બ્રિટનના પૂર્વ પ્રધાનમંત્રી ચર્ચિલની એક વાત પણ યાદ કરી. ચર્ચિલે કહ્યું હતું કે ''આપણે હારની ચર્ચા કરવામાં રસ નથી ધરાવતા, આપણે જીતવાનું છે. સંપૂર્ણ રાષ્ટ્રે જીતવાનું છે.'' મોહનજી ભાગવતે ઉમેર્યું કે જીતનો સંકલ્પ મહત્ત્વનો છે એટલું જીત મેળવવા કરવા પડતા પ્રયાસના સાતત્ય નું મહત્ત્વ છે. પ્રથમ લહેર પૂરી થઈ પછી આપણે ગફલતમાં આવી ગયા, હવે જયારે ત્રીજી લહેરની વાત ચર્ચાઈ રહી છે ત્યારે એનાથી ડરવાનું નથી.

એક અંગ્રેજી કહેવત ''SUCCESS IS NOT FINAL, FAILURE IS NOT FATAL , THE COURAGE TO CONTINUE IS THE ONLY THING THE MATTERS''ને ટાંકતાં કહ્યું કે યશ અપયશનો ખેલ ચાલે જાય છે. પરંતુ નિરંતર ચાલતા રહેવું એ જ મહત્ત્વનું છે. યશ અને અપયશને પચાવીને સત્યની પ્રાપ્તિ સુધી દૃઢ સંકલ્પ સાથે આગળ વધવું એના આધારે જ આપણે જીતીશું.

•



## બંગાળ ભૂલી ગયું ચૈતન્ય મહાપ્રભુ અને વિવેકાનંદને

# પશ્ચિમ બંગાળની હિંસાનો દુઃખદ પક્ષ એ પણ રહ્યો કે ત્યાં હિંસા દરમિયાન કોઈ પ્રગતિશીલ કે સેક્યુલરવાદી નેતા, સંગઠન કે સમૂહે તે હિંસા સામે પોતાનો વિરોધ નથી નોંધાવ્યો




પશ્ચિમ બંગાળનું નામ આવતાં જ ચૈતન્ય મહાપ્રભુ. રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર, નેતાજી સુભાષચંદ્ર બોઝ, શ્યામાપ્રસાદ મુખરજીના ચહેરા આપણી સમક્ષ ઊભરી આવે છે. આ સૌએ પોતાના વિચારોને બળે હજારો કરોડોને પ્રભાવિત કર્યા. આ તમામ લોકો હજી પણ ભારતના મહાનાયક છે અને હંમેશાં રહેશે. પરંતુ આ ધરતી સાથે જે મહાપુરુષોને સંબંધ છે તે ધરતી હવે હિંસા અને ખૂની ખેલનો અખાડો બની ચૂકી છે. અહીં એક વિચારધારા સાથે સંબંધ રાખતા લોકોને વીણી વીણીને મારવામાં આવી રહ્યા છે.

રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી (ટીએમસી)નો વિજય થયા પછી લોહિયાળ અથડામણો થઈ. આશ્ચર્ય એ વાતનું છે કે બંગાળમાં હિંસા અટકી નથી રહી અને રાજ્યના અલગ અલગ વિસ્તારમાંથી ઉપદ્રવના અહેવાલો સતત સામે આવતા રહે છે. હિંસાના શિકાર ભાજપના કાર્યકરો જ થઈ રહ્યા છે. ચૂંટણી પૂરી થયા પછી ભાજપના નવ કાર્યકર્તા માર્યા ગયા છે, સેંકડો ઘાયલ થયા છે. કેટલાકે તો તૃણમૂલના અપરાધી દાદાઓના ભયે બિહાર, ઝારખંડ, આસામ અને ઓડિશા ભાગીને શરણ લઈ લીધું.

આઝાદ ભારતમાં ચૂંટણી પરિણામોની જાહેરાત પછી ભૂતકાળમાં કદી આવી અસહિષ્ણુતા જોવા નથી મળી. ભારતની લોકશાહીનો ઇતિહાસ આ વાતનો સાક્ષી છે કે અહીં ચૂંટણી પ્રચાર દરમિયાન બધા જ પક્ષો એકબીજા તરફ જોરદાર આક્રમક વલણ જાહેર કરતા હોય છે. એકબીજા પર જોરદાર આક્ષેપ પ્રતિ આક્ષેપ કરતા હોય છે. પરંતુ ચૂંટણી પરિણામ આવ્યાં પછી બધું શાંત થઈ જાય છે. ચૂંટણી પ્રચાર વખતે કહેલી તમામ વાતો ભૂલીને તમામ પક્ષો આગળ વધે છે. લોકશાહીમાં નિર્ણયો લોકશાહી ઢબે લેવામાં આવે અને મુદ્દા લોકશાહી ઢબે જ હલ થાય તો બહેતર છે. વાસ્તવમાં ૨૪ પરગણા તથા કોલકાતા બેલેઘાટામાં સર્જાયેલી હિંસાએ દેશના વિભાજન પહેલાં બંગાળમાં સર્જાયેલી ઘોર હિંસાની યાદ અપાવી દીધી.


યાદ કરો કે મહમદઅલી ઝીણાએ ૧૬ ઓગસ્ટ ૧૯૪૬ના રોજ ડાયરેક્ટ એક્શન માટે કરેલા આહ્વાનને પગલે કોલકાતામાં સેંકડો હિંદુઓની હત્યા કરવામાં આવી હતી. ૧૬ ઓગસ્ટ ૧૯૪૬ના રોજ સવારે ૧૦ વાગ્યાથી જ કોલકાતામાં ઠેરઠેર છૂરાબાજી, પથ્થરમારાની ઘટના બની હતી, દુકાનો જબરજસ્તી બંધ કરાવવામાં આવી હતી. મુસ્લિમ લીગના સમર્થકોએ હિંદુ અને શીખોની દુકાનો લૂંટવાની શરૂઆત કરી દીધી હતી. હત્યારાને પોલીસ રક્ષણ મળેલું હતું. તે વખતે ત્યાં ઝીણાના અનુયાયી શાહિદ સુહરાવર્દીની સરકાર હતી. કહે છે કે તેમણે પોલીસ તંત્રને કહી દીધું હતું કે કત્લેઆમ થવા દેજો. પોલીસ દળમાં પણ તે વખતે મુસ્લિમો ભરેલા હતા. ઝીણાના ડાયરેક્ટ એક્શન

● આર. કે. સિંહા



માટેના આહ્વાને એક જ દિવસમાં ૧,૧૦૦ નિર્દોષ હિંદુઓના જીવ લીધા હતા. માર્યા ગયેલા હિંદુમાં ૪૦૦ ઓડિશાના શ્રમિકો પણ હતા. અર્થાત્ ૧૯૪૬ પછી કોલકાતામાં માનવતા ફરી શરમાઈ ગઈ.

પશ્ચિમ બંગાળની હિંસાનો દુઃખદ પક્ષ એ પણ રહ્યો કે ત્યાં હિંસા દરમિયાન કોઈ પ્રગતિશીલ કે સેક્યુલરવાદી નેતા, સંગઠન કે સમૂહે તે હિંસા સામે પોતાનો વિરોધ નથી નોંધાવ્યો. આગ પૂરી રીતે લાગી ગઈ ત્યારે મુખ્યપ્રધાન મમતા બેનરજીએ હિંસાને રોકવા ઉચ્ચ પોલીસ અધિકારી સાથે મુલાકાતની માત્ર ઔપચારિકતા કરી. તેને બેશરમી જ કહી શકાય. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામો પછી રાજ્યના વિવિધ વિસ્તારમાં ફેલાયેલી હિંસાને દેશ-દુનિયાએ સોશિયલ મીડિયા પર જોઈ. સેંકડો તસવીરો અને વીડિયો ટીએમસીની કહેવાતી ગુંડાગીરીના દાવા સાથે સોશિયલ મીડિયા પર વાઈરલ થતા રહ્યા.



એ સારી વાત છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પરિણામ પછી જારી હિંસા પર કેન્દ્રે કડક વલણ અપનાવ્યું તે જરૂરી હતું. નહીંતર ત્યાં હિંસા રોકનારું કોઈ નહોતું. પોલીસ હિંસાને રોકવા ચેષ્ટા કરી રહી હોય તેવું જરા પણ નહોતું લાગતું. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્ય સરકાર પાસેથી અહેવાલ માંગ્યા પછી વડાપ્રધાન મોદીએ બંગાળના રાજ્યપાલ જહદીપ ધનખડને ફોન કરીને હિંસા પરત્વે ચિંતા જાહેર કરી અને તેને રોકવા પગલાં લેવા કહ્યું.

પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતાઓનો સદા અનાદર થતો રહ્યો છે. કેટલાંક વર્ષો પહેલાં કોલકાતામાં શ્યામાપ્રસાદ મુખરજીની મૂર્તિ તોડી નાખવામાં આવી હતી. તેમની મૂર્તિને મેશ લગાવવામાં આવી હતી. ટોલીગંજ સ્થિત શ્યામાપ્રસાદ મુખરજીની મૂર્તિને તોડવામાં આવી હતી. જાધવપુર યુનિવર્સિટીના છે વિદ્યાર્થીએ આ કૃત્ય કર્યું હતું. માફ કરશો, પણ લાગે છે એવું કે બંગાળ પોતાના નેતા સુભાષચંદ્ર બોઝ, ગુરુદેવ ટાગોર સહિતના ટોચના નેતાઓને ભૂલી ગયું છે. તેમના વિચારો અને આદર્શો સાથે તેમને કોઈ નિસ્બત નથી. દેશના સંગીતપ્રેમીઓએ ગયા વર્ષે ગાયક અને સંગીતકાર હેમંતકુમારના માનમાં શતાબ્દી વર્ષની ઉજવણી કરી હતી. હેમંતકુમારના મધુર અવાજ વિશે એકવાર લતા મંગેશકરે કહ્યું હતું કે હેમંતદાને સાંભળીને લાગે છે કે જાણે કોઈક સાધુ મંદિરમાં ગાઈ રહ્યો હોય. 'જાગૃતિ' ફિલ્મના પેલા ગીત 'આઓ બચ્ચો તુમ્હેં સીખાએ ઝાંકી હિદુસ્તાનકી'નું કંપોઝિશન તેમણે જ કર્યું હતું. તેમણે જ 'ના તુમ હમેં જાનો', 'અપના દિલ તો આવારા', 'દિલકી સુનો દુનિયાવાલો' કે પછી 'થે નૈન ડરે ડરે' જેવાં અમર ગીતો ગાયાં હતાં. હેમંતદા બંગાળના શ્રેષ્ઠ ગાયક અને સંગીતકાર મનાતા હતા. લાગે છે કે બંગાળ તેમને પણ ભૂલી ચૂક્યું છે. તેમને હેમંતકુમાર યાદ હોત તો બંગાળમાં હિંસા ના થાત.

મને કહેવા દો કે વર્તમાન બંગાળ એક ખૂબ જ અરાજક અને અનુશાસનહીન રાજ્ય બની ચૂક્યું છે. ત્યાં લોકશાહી મૂલ્યોનું ગળું દબાવવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે તેના પર સીધી નજર રાખવી પડશે. સરકારે તે મોરચે બેદરકારી દાખવી તો પશ્ચિમ બંગાળમાં સ્થિતિ સંપૂર્ણપણે બેકાબૂ બની શકે છે. રાજ્યમાં રોજગારીની તકો સતત ઘટી રહી છે અને નવા ઉદ્યોગો પણ લાગતા નથી. તેને કારણે રાજ્યના યુવાનો દ્વારા પલાયન વધતું જાય છે. કેન્દ્ર સરકારે જોવું પડશે કે રાજ્યમાં શાંતિ સ્થપાય અને વિકાસ થાય. આ મોટો પડકાર છે. મમતા બેનરજીથી પણ દેશ આશા રાખશે કે તેઓ હવે પશ્ચિમ બંગાળમાં નફરતનું રાજકારણ છોડી દે અને કેન્દ્ર સાથે સહયોગપૂર્વક કામ કરીને પોતાના સોનાર બાંગ્લાનો વિકાસ કરશે. (સાભાર : સંદેશ)




## આઈ.ટી. વિભાગના ઝોનના ઈન્ચાર્જશ્રી અને સહ-ઈન્ચાર્જશ્રીનાં નામોની યાદી

| ક્રમ | ઝોન | જવાબદારી | નામ |
|---|---|---|---|
| ૧. | દક્ષિણ ઝોન | ઈન્ચાર્જ | શ્રી પારસભાઈ દેસાઈ |
| ૨. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી વિશાલભાઈ પાઠક |
| ૩. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી કાજલબેન મગદેલીયા |
| ૪. | મધ્ય ઝોન | ઈન્ચાર્જ | શ્રી હર્ષિલભાઈ પટેલ |
| ૫. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી કલ્પેશભાઈ રથવી |
| ૬. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી શાલવભાઈ મજમુદાર |
| ૭. | ઉત્તર ઝોન | ઈન્ચાર્જ | શ્રી વિશાલભાઈ ઠાકર |
| ૮. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી દીપભાઈ નાયક |
| ૯. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી પાર્થભાઈ શાહ |
| ૧૦. | સૌરાષ્ટ્ર ઝોન | ઈન્ચાર્જ | શ્રી કુલદીપસિંહ ઝાલા |
| ૧૧. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી અનુપભાઈ પાનસુરીયા |
| ૧૨. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી આશાબેન નકુમ |

## સોશિયલ મીડિયા વિભાગના ઝોનના ઈન્ચાર્જશ્રી અને સહ-ઈન્ચાર્જશ્રીનાં નામોની યાદી

| ક્રમ | ઝોન | જવાબદારી | નામ |
|---|---|---|---|
| ૧. | દક્ષિણ ઝોન | ઈન્ચાર્જ | શ્રી સંકેતભાઈ શર્મા |
| ૨. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી મહેશભાઈ પુરોહિત |
| ૩. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી જેનીશભાઈ શાહ |
| ૪. | મધ્ય ઝોન | ઈન્ચાર્જ | શ્રી સુમીતભાઈ શાહ |
| ૫. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી પ્રશાંતભાઈ પટેલ |
| ૬. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી પ્રિન્સ યાદવ |
| ૭. | ઉત્તર ઝોન | ઈન્ચાર્જ | શ્રી અમિતભાઈ પંડયા |
| ૮. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી જયરાજભાઈ બ્રહ્મભટ્ટ |
| ૯. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી મિલનભાઈ પાઠક |
| ૧૦. | સૌરાષ્ટ્ર ઝોન | ઈન્ચાર્જ | શ્રી જીતુભા પાઘડલ |
| ૧૧. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી અભયસિંહ ચાવડા |
| ૧૨. | ” | સહ-ઈન્ચાર્જ | શ્રી અનિલભાઈ જેત્રોજા |



## પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ પદાધિકારીશ્રીઓ

| ક્રમ | હોદ્દો | પદાધિકારીશ્રીનું નામ | જિલ્લો/મહાનગર |
|---|---|---|---|
| ૧. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી તેજાભાઈ ભુરીયા | બનાસકાંઠા |
| ૨. | ” | શ્રી મહેન્દ્રભાઈ પીઠીયા | ગીર સોમનાથ |
| ૩. | ” | શ્રી દિપકભાઈ પટેલ | આણંદ |
| ૪. | ” | શ્રી ડી. ડી. ચુડાસમા | વડોદરા |
| ૫. | ” | શ્રી મહેન્દ્રભાઈ પટેલ | તાપી |
| ૬. | ” | શ્રી રમેશભાઈ ઓડેદરા | પોરબંદર |
| ૭. | પ્રદેશ મહામંત્રીશ્રી | શ્રી હિરેનભાઈ હિરપરા | અમરેલી |
| ૮. | ” | શ્રી સરદારભાઈ ચૌધરી | મહેસાણા |
| ૯. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી ભરતભાઈ મેર | ભાવનગર |
| ૧૦. | ” | શ્રી વિજયભાઈ કોરાટ | રાજકોટ |
| ૧૧. | ” | શ્રી સુરેશભાઈ વસરા | જામનગર |
| ૧૨. | ” | શ્રી નાગરભાઈ જીડીયા | સુરેન્દ્રનગર |
| ૧૩. | ” | શ્રી રાણસીભાઈ ગઢવી | કચ્છ |
| ૧૪. | ” | શ્રી આશિષભાઈ દેસાઈ | નવસારી |
| ૧૫. | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી | શ્રી સી. પી. સરવૈયા | ભાવનગર |


## પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રદેશ પદાધિકારીશ્રીઓ

| ક્રમ | હોદ્દો | પદાધિકારીશ્રીનું નામ | જિલ્લો/મહાનગર |
|---|---|---|---|
| ૧. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી યોગેશભાઈ ગઢવી | સુરેન્દ્રનગર |
| ૨. | ” | શ્રી દેવેન્દ્રભાઈ પ્રજાપતિ | કર્ણાવતી |
| ૩. | ” | શ્રી જે. કે. ચાવડા | ગીર સોમનાથ |
| ૪. | ” | શ્રી નાજાભાઈ ઘાંઘર | ગાંધીનગર શહેર |
| ૫. | ” | શ્રી મહેન્દ્રભાઈ બાવળીયા | ગાંધીનગર જિ. |
| ૬. | ” | શ્રી ધર્મેશભાઈ પંચાલ | વડોદરા શહેર |
| ૭. | પ્રદેશ મહામંત્રીશ્રી | શ્રી મયંકભાઈ નાયક | મહેસાણા |
| ૮. | ” | શ્રી સનમભાઈ પટેલ | નવસારી |
| ૯. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી વિનયસિંહ ઝાલા | પાટણ |
| ૧૦. | ” | શ્રી દિલીપભાઈ જશાભાઈ બારડ | જુનાગઢ |
| ૧૧. | ” | શ્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ | કર્ણાવતી |
| ૧૨. | ” | શ્રી હેમંતભાઈ ટેલર | નવસારી |
| ૧૩. | ” | શ્રી મયુરભાઈ માંજરીયા | અમરેલી |
| ૧૪. | ” | શ્રી પોપટભાઈ માળી | બનાસકાંઠા |
| ૧૫. | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી | શ્રી અનિલભાઈ રાણા | ભરૂચ |
| ૧૬. | પ્રદેશ કાર્યાલય મંત્રીશ્રી | શ્રી નિલેશભાઈ જણસારી | કર્ણાવતી |



## પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ પદાધિકારીશ્રીઓ

| ક્રમ | હોદ્દો | પદાધિકારીશ્રીનું નામ | જિલ્લો/મહાનગર |
|---|---|---|---|
| ૧. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી હરેન્દ્રસિંહ ગોહીલ | ભાવનગર શહેર |
| ૨. | ” | શ્રી મુકેશ રાઠવા | છોટા ઉદેપુર |
| ૩. | ” | શ્રી મનિષ સંઘાણી | અમરેલી |
| ૪. | ” | શ્રી હાર્દિક ડોડીયા | ગીર સોમનાથ |
| ૫. | ” | શ્રી હર્ષ પટેલ | ગાંધીનગર જિ. |
| ૬. | ” | શ્રી રાજેશ વારડે | સુરત શહેર |
| ૭. | પ્રદેશ મહામંત્રીશ્રી | શ્રી કૌશલ દવે | વડોદરા શહેર |
| ૮. | ” | શ્રી નરેશ દેસાઈ | પાટણ |
| ૯. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી સત્યદિપસિંહ પરમાર | ગાંધીનગર શહેર |
| ૧૦. | ” | શ્રી સુરજ દેસાઈ | તાપી |
| ૧૧. | ” | શ્રી પૌરવ પટેલ | મહેસાણા |
| ૧૨. | ” | શ્રી જય શાહ | સુરેન્દ્રનગર |
| ૧૩. | ” | શ્રી શૈલેષ નાઈ | કર્ણાવતી |
| ૧૪. | ” | શ્રી નિલેશ ચુડાસમા | ભાવનગર |
| ૧૫. | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી | શ્રી નરેશ ઠાકોર | બનાસકાંઠા |
| ૧૬. | પ્રદેશ કાર્યાલય મંત્રીશ્રી | શ્રી નિકુંજ ખાખી | કાર્યાલય મંત્રી |



## સરદારસિંહ રાણા

**જન્મ : ૧૦-૪-૧૮૭૦ • અવસાન : ૨૫-૦૫-૧૯૫૭**

માતૃભૂમિની મુક્તિ કાજે તન, મન અને ધન સમર્પિત કરી દેનારા ક્રાંતિકારી સરદારસિંહ રાણા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પાસેના કંથારિયા ગામના વતની હતા. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેઓ ગાંધીજીના સહાધ્યાયી હતા. પછીથી મુંબઈની એલ્ફિન્સ્ટન અને પુણેની ફર્ગ્યુસન કૉલેજમાં કૉલેજ કરીને લીંબડીના રાજવીની મદદથી બાર એટ લો થવા ઈંગ્લૅન્ડ ગયા. ઈંગ્લૅન્ડ જઈને તેઓ વકીલ થવાને બદલે હીરાના પારખુ બન્યા. હીરાઝવેરાતના ધંધામાં તેમણે જમાવટ કરી. શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં આવતાં તેઓ ક્રાંતિના રંગે રંગાયા. ઇન્ડિયા હાઉસની સ્થાપનામાં શ્યામજીની સાથે જ રહ્યા. પછીથી પોલેન્ડ, તુર્કસ્તાન જઈ બોમ્બ બનાવવાની પદ્ધતિ શીખી આવ્યા. આ પદ્ધતિ તેમણે સેનાપતિ બાપટ અને મિર્ઝા અબ્બાસને શીખવી ભારત મોકલ્યા. તે પછી બ્રિટિશ શાસન વિસ્ફોટથી ધ્રૂજી ઊઠ્યું. લંડનમાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરી એ પિસ્તોલ પણ સરદારસિંહ રાણાની હતી. ૧૯૦૭માં જર્મની ખાતે દ્વિતીય આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ મળી તેમાં તેમણે મૅડમ કામા સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના આગ્રહથી જ મૅડમ કામાએ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ પહેલીવાર વિદેશની ધરતી પર લહેરાવ્યો. તેઓ હવે બ્રિટિશ સરકારની આંખે ચડી ગયા. તેમના નામનું વૉરન્ટ નીકળ્યું. પરંતુ ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતા હોવાથી પકડી ન શકાયા. પ્રથમ વિશ્વયુદ્ધમાં ફ્રાંસ અને ઈંગ્લૅન્ડ મિત્ર બની ગયા. સરદારસિંહની ધરપકડ થઈ અને પનામા પાસેના માર્ગેનિક ટાપુ પર દેશનિકાલ કરાયા. તેમની મિલકત પણ જપ્ત કરાઈ, જીવનનિર્વાહ કરવા તેમણે ઢોર ચરાવ્યાં. પાછા ફ્રાંસ આવીને ઝવેરાતનો ધંધો સંભાળ્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. નાઝીઓ ફ્રાન્સમાં પ્રવેશ્યા ત્યારે નાઝીઓને મદદ કરવાનો ઇન્કાર કરતાં જર્મન કોન્સન્ટ્રેશન કૅમ્પમાં કેદ થયા. સુભાષચંદ્ર બોઝ જર્મની આવ્યા ત્યારે એમણે પહેલું કામ સરદારસિંહને છોડાવવાનું કર્યું. ફ્રેન્ચ સરકારે તેમની આ નિષ્ઠાની કદર કરી તેમને ફ્રેન્ચ લિજિયન ઓફ ઓનરનું પ્રતિષ્ઠિત સન્માન આપ્યું. વિદેશમાં આટલી વ્યસ્તતા વચ્ચે પણ તેમનો દેશવાસીઓ સાથે સંપર્ક જીવંત હતો. વર્ષો બાદ સ્વદેશ આવ્યા ત્યારે સુદામા સમા ગોઠિયા ગાંધીજીને મળવાનું ન ભૂલ્યા. તે દિવસે ગાંધીજીને મૌન વ્રત હતું છતાં બાપુએ આ વ્રત તોડી તેમની સાથે ન 'તને સાંભરે રે, મને કેમ વીસરે', વાળી વાતો કરી. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. તેના થોડા સમય પછી તેમના પર પક્ષાઘાતનો હુમલો થયો. ૧૯૫૦થી તેઓ કાયમને માટે સ્વદેશ આવતા રહ્યા. સ્વાસ્થ્ય ન સુધર્યું. વેરાવળના દરિયાકિનારે હવાફેર કરવા ગયા ત્યાં જ તેઓ પરલોકે સિધાવી ગયા.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## તાજેતરની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત વખતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ દ્વારા ગુજરાતભરના ભાજપ કાર્યકર્તાઓ દ્વારા આપદામાં કરાયેલ સેવાયજ્ઞથી અવગત કરવામાં આવ્યા હતા



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.